નં. જે. ૯/ શિક્ષણ /સત્રાંતપરીક્ષા/વશી/ ૫૦૭૧ થી ૭૮૧૯ / ૨૦૧૮
જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, બનાસકાંઠા.પાલનપુર.
તા. ૦૪ / ૧૦ / ૨૦૧૮

# પરિપત્ર

વિષય : સત્રાંત પરીક્ષા (પ્રથમ લેખિત કસોટી) ૨૦૧૮ નો કાર્યક્રમ

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, બનાસકાંઠા-પાલનપુર હસ્તકની તમામ પ્રાથમિક શાળાઓમાં પ્રથમ લેખિત કસોટી (અર્ધ વાર્ષિક) પરીક્ષા-૨૦૧૮નો કાર્યક્રમ નીચેની વિગતે રાખવામાં આવેલ છે. જેનો અમલ કરવાનું રાખવું.

જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પત્રક્રમાંક જી.સી.ઈ.આર.ટી. સી. & ઈ. મૂલ્યાંકન /૧૧/૧૬૦૮૩-૧૬૧૭૪ તા. ૧૧-૦૮-૨૦૧૧ થી આપેલ માર્ગદર્શન મુજબ ધો.૧ થી ૮ માં સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (C.C.E.) નો અમલ કરવાનું રાખવું.

## લેખિત સત્રાંત પરીક્ષા ૨૦૧૮ નો કાર્યક્રમ

| તારીખ | વાર | કોડ | ધોરણ | વિષય | સમય | ગુણ |
|---|---|---|---|---|---|---|
| ૨૨-૧૦-૨૦૧૮ | સોમવાર | A | ૩, ૪, ૫ | ગણિત | ૧૧-૦૦ થી ૧-૦૦ | ૪૦ |
| | | B | ૬, ૭, ૮ | ગણિત | ૨-૦૦ થી ૫-૦૦ | ૮૦ |
| ૨૩-૧૦-૨૦૧૮ | મંગળવાર | C | ૩, ૪, ૫ | ગુજરાતી | ૧૧-૦૦ થી ૧-૦૦ | ૪૦ |
| | | D | ૬, ૭, ૮ | ગુજરાતી | ૨-૦૦ થી ૫-૦૦ | ૮૦ |
| ૨૪-૧૦-૨૦૧૮ | બુધવાર | E | ૩, ૪, ૫ | પર્યાવરણ | ૧૧-૦૦ થી ૧-૦૦ | ૪૦ |
| | | F | ૬, ૭, ૮ | વિજ્ઞાન | ૨-૦૦ થી ૫-૦૦ | ૮૦ |
| ૨૫-૧૦-૨૦૧૮ | ગુરૂવાર | G | ૫ | અંગ્રેજી | ૧૧-૦૦ થી ૧-૦૦ | ૪૦ |
| | | H | ૬, ૭, ૮ | અંગ્રેજી | ૨-૦૦ થી ૫-૦૦ | ૮૦ |
| ૨૬-૧૦-૨૦૧૮ | શુક્રવાર | I | ૫ | હિન્દી | ૧૧-૦૦ થી ૧-૦૦ | ૪૦ |
| | | J | ૬, ૭, ૮ | હિન્દી | ૨-૦૦ થી ૫-૦૦ | ૮૦ |
| ૨૭-૧૦-૨૦૧૮ | શનિવાર | K | ૬, ૭, ૮ | સંસ્કૃત | ૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૨૯-૧૦-૨૦૧૮ | સોમવાર | L | ૬, ૭, ૮ | સામાજિક વિજ્ઞાન | ૨-૦૦ થી ૫-૦૦ | ૮૦ |

**સામાન્ય સુચનાઓ :-**

(૧) ધો. ૧ અને ધો. ૨ માં મૂલ્યાંકન અગાઉની જેમ જ A,B,C, ગ્રેડ પ્રમાણે કરવાનું રહેશે અને વિદ્યાર્થીઓના પરિણામ પત્રકો અને પ્રગતિપત્રકો બનાવવાના રહેશે અને પ્રગતિમાપન રજીસ્ટર મુજબ મૂલ્યાંકન કરવાનું રહેશે.

(૨) ધો.૩ થી ૫માં સાક્ષરી વિષયની પરીક્ષા ૪૦ ગુણની રહેશે તથા ધો.૬ થી ૮ માં સાક્ષરી વિષયની પરીક્ષા ૮૦ ગુણની રહેશે.

(૩) ધો. ૩ થી ૫ ના પ્રશ્નપત્રોના જવાબો પ્રશ્નપત્રમાં જ લખવાના રહેશે. જ્યારે ધો.૬ થી ૮ ના પ્રશ્નપત્રોના જવાબો અલગ ઉત્તરવહીમાં બોલપેનથી લખવાના રહેશે.

(૪) પરિણામ પત્રકમાં ગુણ અંગ્રેજીમાં દર્શાવવાના રહેશે.

(૫) પરીક્ષા દરમ્યાન શાળાઓનો સમય રાબેતા મુજબનો રહેશે તથા પાળી પધ્ધતિથી ચાલતી શાળાઓ એક સાથે કરવી.

(પાછળ)

(૬) વિદ્યાર્થીએ મેળવેલ ગુણ જે તે વિષયમાં પ્રથમ ગુણસ્લીપમાં ભરવાના ત્યારબાદ પરિણામ પત્રક પરિશિષ્ટ-ક માં ભરવાના રહેશે.

(૭) પ્રિન્ટીંગ પ્રેસ તરફથી પ્રશ્નપત્રોના બંડલો પગાર કેન્દ્રને સોંપવાની તા. ૧૯-૧૦-૨૦૧૮ રહેશે. તેમજ પગાર કેન્દ્ર શાળાઓએ પ્રાથમિક શાળાઓને સોંપવાની તા. ૨૦-૧૦-૨૦૧૮ રહેશે.

(૮) લેખિત પરીક્ષાના પ્રશ્નપત્રો પરીક્ષાના નિયત સમય કરતાં ૧૫ મિનીટ પહેલાં મુખ્ય શિક્ષકશ્રીએ સીલબંધ કવર ખોલવા. પ્રશ્નપત્રોમાં ક્ષતિ કે ખામી જણાય તો સ્થાનિક સંજોગો અનુસાર પોતાની વિવેક બુધ્ધિનો ઉપયોગ કરી નિયત કાર્યક્રમ મુજબ પરીક્ષા લેવી. આ અંગેની જાણ તાલુકા પ્રા.શિ.અ.શ્રીની કચેરીને અવશ્ય કરવી. પરીક્ષાના પ્રશ્નપત્રોમાં છાપકામની કોઈ ભૂલ કે ભળતા પ્રશ્નપત્ર આવે તો પરીક્ષાની ગુપ્તતાનો ભંગ ન થાય તેની કાળજી રાખવી.

(૯) પરીક્ષા દરમ્યાન ઉકેલપત્ર કે ઉત્તરવહી ચકાસણીનું કામ કરવું નહીં. તેમજ પરીક્ષા ખંડમાં પરીક્ષાને લગતું કોઈ પણ સાહિત્ય, ટી.એલ.એમ. કે અન્ય સામગ્રી રાખવી નહીં.

(૧૦) પરીક્ષાર્થી પૂર્ણ સમય પરીક્ષા ખંડમાં બેસે તેવો ખાસ આગ્રહ રાખવો.

(૧૧) વાર્ષિક પરીક્ષાના અંતે ધો.૩ થી ૭ માં પરીણામ પત્રકમાં ગુણના સ્થાને ગ્રેડનો ઉલ્લેખ કરવાનો રહેશે. ગ્રેડ માટે જી.સી.ઈ.આર.ટી. ના તા. ૧૧-૦૮-૨૦૧૧ ના પત્રનો અમલ કરવાનો રહેશે. ધો.૮ માં ગુણ અને ગ્રેડ બંનેનો ઉલ્લેખ કરવાનો રહેશે.

(૧૨) સતત સર્વગ્રાહી મૂલ્યાંકન માટે જી.સી.ઈ.આર.ટી. ના તા. ૧૧-૦૮-૨૦૧૧ અને તા. ૦૯-૦૭-૨૦૧૨ ના પત્ર મુજબના પત્રકો તૈયાર કરી અમલ કરવાનો રહેશે. તેમજ શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન યોજના તા. ૦૧-૦૮-૨૦૧૪ ના પરિપત્ર મુજબ અમલ કરવાનો રહેશે. તેમજ પ્રજ્ઞા અભિગમવાળી શાળાઓનું મૂલ્યાંકન જી.સી.ઈ.આર.ટી. ના તારીખ ૧૧-૦૯-૨૦૧૪ ના પરિપત્ર મુજબ કરવાનું રહેશે.

(૧૩) સત્રાંત પરીક્ષા-૨૦૧૮નું પરિણામ પત્રક દિવાળી વેકેશન અગાઉ સબંધિત કેળવણી નિરીક્ષક પાસે ચકાસણી કરાવી પ્રમાણિત કરાવવાનું રહેશે.

(૧૪) દિવાળી વેકેશન તા. ૦૫-૧૧-૨૦૧૮ થી તા. ૧૮-૦૫-૨૦૧૮ સુધીનું રહેશે. તા. ૧૯-૧૧-૨૦૧૮ થી રાબેતા મુજબ શાળાઓ શરૂ કરવાની રહેશે.

**(ડૉ. ડી. આર. દરજી)**
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ
બનાસકાંઠા, પાલનપુર.

**નકલ રવાના :-**

(૧) મુ.શિ.શ્રી પ્રાથમિક શાળાઓ (તમામ) તરફ ૨/ જાણ વ અમલ થવા સારૂ.
(૨) સી.આર.સી.કો.ઓ. શ્રી /બી.આર.સી. કો.ઓ.શ્રી (તમામ)
(૩) બીટ કે.નિ.શ્રી / તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (તમામ)
(૪) તાલુકા વિકાસ અધિકારીશ્રી (તમામ)
(૫) મામલતદારશ્રી (તમામ)
(૬) જિલ્લા પ્રોજેકટ કો.ઓ.શ્રી, એસ.એસ.એ.એમ. કચેરી, બનાસકાંઠા, પાલનપુર તરફ ૨/ જાણ સારૂ.
(૭) પ્રમુખશ્રી/ મંત્રીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ, બનાસકાંઠા.

**નકલ સાદર રવાના :-**

(૧) માન.કલેકટરશ્રી, બનાસકાંઠા, પાલનપુર
(૨) માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, બનાસકાંઠા પાલનપુર.
(૩) પ્રાયોજના વહીવટદારશ્રી, બ.કાં.પાલનપુર.
(૪) પ્રાન્ત અધિકારીશ્રી, પાલનપુર, દાંતા, ધાનેરા, ડીસા, થરાદ, દિયોદર.
(૫) પ્રાચાર્યશ્રી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન બ.કાં.પાલનપુર.
(૬) નાયબ કલેકટરશ્રી મ.ભો.યો. બનાસકાંઠા, પાલનપુર તરફ ૨/ જાણ સારૂ.